Letter No: WCDD/0416/02/2024 Dt: 01-03-2024

**ચાલુ બાબત વર્ષ ૨૦૨૪-૨૫**

નામ.કોર્ટ દ્વારા આપવામાં આવતા ચુકાદા અન્વયે વળતર તથા વ્યાજની ચૂકવણી માટે વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2024/0005/B1
સચિવાલય, ગાંધીનગર.

**ઠરાવ:-**

આ વિભાગ હસ્તકની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓની કોર્ટ સબંધિત બાબતોમાં વળતર અને વ્યાજની ચૂકવણી માટે રૂ.૩.૭૫ કરોડની ચાલુ બાબત તરીકે નીચે દર્શાવેલ બજેટ સદર તેમજ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે:**

| | |
|---|---|
| માગણી ક્રમાંક | ૧૦૬ રેવન્યુ |
| મુખ્ય સદર | ૨૨૩૬ પોષણ |
| પેટા મુખ્ય સદર | ૮૦ જનરલ |
| ગૌણ સદર | ૦૦૧ Direction & Administration |
| પેટા સદર | ૦૫ નામ.કોર્ટના ચુકાદા અન્વયે વળતર અને વ્યાજની ચૂકવણી (૧૦૦% રાજ્ય ફાળો) |

**શરતો:-**

૧. પ્રસ્તુત બાબત માટે ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૪ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત બાબત માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો ઉપયોગ અન્ય હેતુ માટે કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. પ્રસ્તુત બાબત માટે નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો/કામગીરી અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. પ્રસ્તુત બાબતના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૯. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૧૦. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૧. પ્રવર્તમાન બાબતના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહશે.

આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રીની તા.૨૧.૦૨.૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

Signature valid
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.02 15:16:11 +05:30

File No: WCDD/IMR/e-file/23/2024/0005/B1 Branch
Approved By: Secretary,WCDD
*Open the document in Adobe Acrobat DC to verify the E sign*

Letter No: WCDD/0416/02/2024 Dt: 01-03-2024

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી.યુ.ગોસાઇ
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

1. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.), મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની કચેરી મારફત)
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરની કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની કચેરી મારફત)
8. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇ.સી.ડી.એસ.), જિલ્લા પંચાયત કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની કચેરી મારફત)
9. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઇ.સી.ડી.એસ.), મ્યુનિસિપલ કમિશ્નરની કચેરી (કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.)ની કચેરી મારફત)
10. એકાઉન્ટન્ટ જનરલશ્રી ની કચેરી, અમદાવાદ, રાજકોટ.
11. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
13. સિલેક્ટ ફાઇલ.

Signature valid
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.03.02 15:16:11
+05:30

File No: WCDD/IMR/e-file/23/2024/0005/B1 Branch
Approved By: Secretary,WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E sign